# Surat Municipal Corporation
## e-Magazine

Issue 11
July 22, 2005




### સુરત મહાનગરપાલિકા ધ્વારા તાપી જન્મદિન નિમિત્તે યોજાયેલ દીપ પ્રાગટય કાર્યક્રમ

આપણી લોકમાતા તાપીના જન્મદિન નિમિત્તે તા. ૧૪–૭–૨૦૦૫ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા દીપ પ્રાગટયનો કાર્યક્રમ નાવડી ઓવારા, નાનપુરા ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો. અને જેમની કૃપાથી સુરતમાં વસતા નગરજનો ધનધાન્યથી સમૃધ્ધ રહયા છે....

વધુ માટે કલીક કરો >>>>>>

### SMIMER (Medical College) - Surat at its Medical Best

Surat Municipal Institute of Medical Education & Research (SMIMER) is run by the Surat Municipal Corporation to provide health to its citizens. Well known for its high standards of providing civic amenities, SMC expanded the facilities available at the Mashakti Charitable Hospital a 350 bed hospital and spent approximately 5-7 crores, newly constructed campus at Umberwada in 2001.....



Click for more >>>>>>

### મેલેરીયા વિરોધી માસ નિમિતે લોકજાગૃતિ માટે મનપાએ યોજેલ વિવિધ કાર્યક્રમો

ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ધ્વારા દરવર્ષ જૂન માસે મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના ફાઈલેરીયા મેલેરીયા ખાતા ધ્વારા જૂન–૨૦૦૫ દરમ્યાન વિવિધ કાર્યક્રમો જેવા કે રેલીનું આયોજન, બેનર્સ ડીસ્પલે, હેન્ડબીલ વિતરણ, મેલેરીયા નિબંધ સ્પર્ધા, લોકડાયરો, શેરી નાટકો વગેરેનું આયોજન કરેલ છેં.....

વધુ માટે કલીક કરો >>>>>>

### અંદાજે ૨૪ કરોડના ખર્ચે સીંગણપોર અને ભરીમાતાના પુર સંરક્ષણ પાળા બાંધવાનો નિર્ણય

શહેરના મધ્યમ ભાગમાંથી વહેતી તાપી નદીના સીંગણપોર કાંઠા અને ભરી માતા કાંઠા પરના પાળાઓ આ વેળાના પુરમાં ધોવાણ પામતા નવેસરથી બનાવવા માટ`તાપી નદી પુર સંરક્ષણ યોજના અંતર્ગત પુર સંરક્ષણ પાળા બાંધવાનું નકકી કરવાનું આવ્યું હતું.....

વધુ માટે કલીક કરો >>>>>>

### મનપાના આંજણા બાયોગેસ પ્લાન્ટમાં એકજ દિવસમાં ૮ હજાર જેટલા યુનીટનું વીજ ઉત્પાદન



સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં બાયોગેસ વીજ ઉત્પાદન મથક ઉભી કરનારી દેશભરની એક માત્ર સુરત મહાનગરપાલિકાના આંજણા ખાતેના બાયોગેસ પ્લાન્ટમાં એકજ દિવસમાં ૮૧૭૨ યુનીટ જેટલું વિક્રમી વીજ ઉત્પાદન નોંધાયુ હતું. સુરત મહાનગરપાલિકાએ દૈનિક ૮૨.૫ એમએલડી ક્ષમતા ધરાવતા આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને સંલગ્ન બાયોગેસ પાવર પ્લાન્ટ ફેબ્રુઆરી ૨૦૦૪માં શરૂ કર્યો હતો....

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા ધ્વારા તાપી જન્મદિન નિમિત્તે યોજાયેલ દીપ પ્રાગટય કાર્યક્રમ

યદા ન ગંગા, સરયુન રેવા, ન ગોમતી સાભ્રમતી ન ભાષા
યદા ન વિશ્વં નચ વિશ્વકર્મા તદા પયાતા કિલ સૂર્યદેહા.

જયારે ગંગા, સરયુ, રેવા, (નર્મદા) , ગોમતી, સાભ્રમતી (સાબરમતી) નદીઓ નહોતી જયારે વિશ્વ, વિશ્વકર્મા પણ ન હતા ત્યારે સૂર્યપુત્રી તાપી અષાઢ માસમાં શુકલ પક્ષમાં પદમક પર્વમાં સાતમને રવિવારે પ્રગટ થયા હતા.



આ આપણી લોકમાતા તાપીના જન્મદિન નિમિત્તે તા. ૧૪–૭–૨૦૦૫ ના રોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા દીપ પ્રાગટયનો કાર્યક્રમ નાવડી ઓવારા, નાનપુરા ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજવામાં આવ્યો હતો. અને જેમની કૃપાથી સુરતમાં વસતા નગરજનો ધનધાન્યથી સમૃધ્ધ રહયા છે, એ તાપીમાતાની મા. મેયર શ્રીમતિ સ્નેહલતાબેન ચૌહાણ, ડે. મેયર શ્રી ધીરૂભાઈ સવાણી, ધારાસભ્ય શ્રીમતિ ભાવનાબેન ચપટવાળા, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા ભાવનાબેન પંડયા, ઉપાધ્યક્ષા શ્રીમતિ પદમાબેન કાંટવાલા, અન્ય સમિતિના ચેરમેનશ્રીઓ, સદસ્યશ્રીઓ તેમજ નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દીપ પ્રગટાવી તાપીમાતાની ભાવપૂર્વક પૂજા અર્ચના કરી શહેરના શ્રેય માટે પ્રાર્થના કરી હતી.

TOP

## SMIMER (Medical College) - Surat at its Medical Best

Surat Municipal Institute of Medical Education & Research (SMIMER) is run by the Surat Municipal Corporation to provide health to its citizens. Well known for its high standards of providing civic amenities, Surat Municipal Corporation expanded the facilities available at the Mashakti Charitable Hospital a 350 bed hospital and spent approximately 5-7 crores, newly constructed campus at Umberwada in 2001. This institute is set up in 25 acres of land near the railway station and is equipped with all the modern infrastructural facilities.

All the clinical departments are well equipped with specious wards and attached laboratories. There are intensive care units to deal with critically ill patients and well equipped operation theaters to conduct both theory and practical examinations in this institute. This institute has a 500 bed hospital, which will be upgraded to 750 beds with the addition of some facilities. This hospital has more than 85% occupancy rate and out patients departments have been handling upto 1200 patients every day. In addition to excellence infrastructural facilities, it has got modern instruments to treat all kinds of patients.





This institute is on the path of progress. Library building, nurses, hostel, students hostel, resident hostel and staff quarters are coming up. The present students and staff have been provided with adequate accommodation. This institute has been developed keeping in mind the future demands. This institute is planning to start nursing college and college of Physiotherapy to put the available resources to maximum use.

TOP

## મેલેરીયા વિરોધી માસ નિમિતે લોકજાગૃતિ માટે મનપાએ યોજેલ વિવિધ કાર્યક્રમો

ભારત સરકારના આરોગ્ય મંત્રાલય ધ્વારા દરવર્ષ જૂન માસે મેલેરીયા વિરોધી માસ તરીકે ઉજવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાના ફાઈલેરીયા મેલેરીયા ખાતા ધ્વારા જૂન–૨૦૦૫ દરમ્યાન વિવિધ કાર્યક્રમો જેવા કે રેલીનું આયોજન, બેનર્સ ડીસ્પલે, હેન્ડબીલ વિતરણ, મેલેરીયા નિબંધ સ્પર્ધા, લોકડાયરો, શેરી નાટકો વગેરેનું આયોજન કરેલ. સ્થાનિક પ્રજામાં મેલેરીયા અટકાયત માટે મોટા પ્રમાણમાં લોક સહકાર મળી રહે તે હેતુથી આ કાર્યક્રમો રાખવામા આવેલા. આજના વિધાર્થીઓ આવતીકાલનું ભવિષ્ય હોય, તેમણે પણ મેલેરીયા અટકાયત બાબતે જાણકારી લેવી જરૂરી હોય, જે બાબતે મેલેરીયા કિવઝ સ્પર્ધાનું આયોજન તા. ૧૩–૭–૨૦૦૫ના રોજ ગાંધીખંડ, સુરત ખાતે સવારે ૧૦.૦૦ કલાકથી ૧૨.૦૦ કલાક દરમિયાન કરવામાં આવ્યો હતો, સ્પર્ધાના પ્રશ્ન પત્રનો સમય અડધા કલાકનો રાખવામાં આવેલ. સદર સ્પર્ધામાં સુમન હાઈસ્કુલ નં ૧,૨ અને ૩ના તથા ખાનગી સ્કુલો વી કે, લુર્ડઝકોન્વેન્ટ હાઈસ્કુલ, વનિતા વિશ્રામ, ઉમરીગર સ્કુલ, આઈ.એન. ટેકરાવાલા, જીવનભારતી કુમારભવન, બાલાજી ગર્લ્સ, ગુરૂકુલ કુમાર વિધાલય, સંસ્કારભારતી, વી.એન. ગોધાણી કન્યા વિધાલય, વી.ડી.દેસાઈ (વાડીવાલા) સ્કુલના ધોરણ ૮,૯ અને ૧૦ના ૧૩ સ્કુલોના (સ્કુલ દીઠ ચાર વિધાર્થીઓ પ્રમાણે કુલ – ૫૨ વિધાર્થીઓ) વિધાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાના ઈ.ચા. જંતુનાશક અધિકારી ડાં. એચ.કે. સોંધરવા, આસી. જંતુનાશક અધિકારી – સેન્ટ્રલ ઝોન શ્રીમતિ ગાયત્રીબેન ધીવાળા, આસી. જંતુનાશક અધિકારી – નોર્થ ઝોન જે.પી. વાઘડીયા, ફાઈલેરીયા–મેલેરીયા વિભાગના કર્મચારીઓ તથા આમંત્રીત સ્કુલોના શિક્ષકો હાજર રહયા હતા.

TOP

## અંદાજે ૨૪ કરોડના ખર્ચે સીંગણપોર અને ભરીમાતાના પુર સંરક્ષણ પાળા  બાંધવાનો નિર્ણય

શહેરના મધ્યમ ભાગમાંથી વહેતી તાપી નદીના સીંગણપોર કાંઠા અને ભરી માતા કાંઠા પરના પાળાઓ આ વેળાના પુરમાં ધોવાણ પામતા નવેસરથી બનાવવા માટે તાપી નદી પુર સંરક્ષણ યોજના અંતર્ગત પુર સંરક્ષણ પાળા બાંધવાનું નકકી કરવાનું  આવ્યું હતું. જેમાં ધોવાણ પામેલ સીંગણપોર કાંઠાનો પાળો  રૂા. ૧૦ કરોડ ૯ લાખ ૩૮ હજાર ૬૪ ના ખર્ચે ચોમાસા બાદ તથા ભરીમાતાનો પાળો રૂા. ૧૪ કરોડ ૯ લાખ ૭૮ હજાર ૬૮૧ ના ખર્ચે બનાવવામાં આવશે. જેનો લાભ શહેરની પ્રજાને આવતા વર્ષે મળશે. પણ હાલ ચોમાસાની મોસમ હોય ભારે વરસાદના પાણીને કારણે ધોવાણ પામેલા સીંગણપોર અને ભરીમાતા  ખાતે જર્જરીત પાળાને કારણે ચાલુ વર્ષના સંભવીત જોખમને ખાળવા તાકીદના ધોરણે ગેબીયન પાથરી પાળાને વધુ સુરક્ષિત બનાવવા માટે  તત્કાળ કામ શરૂ કરી રૂા. ૧.૧૫ કરોડ મનપા ખર્ચ કરશે.

TOP

## મનપાના  આંજણા બાયોગેસ પ્લાન્ટમાં એકજ દિવસમાં ૮ હજાર જેટલા યુનીટનું વીજ ઉત્પાદન

સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં બાયોગેસ વીજ ઉત્પાદન મથક ઉભી કરનારી દેશભરની એક માત્ર સુરત મહાનગરપાલિકાના આંજણા ખાતેના બાયોગેસ પ્લાન્ટમાં એકજ દિવસમાં ૮૧૭૨ યુનીટ જેટલું વિક્રમી વીજ ઉત્પાદન નોંધાયુ હતું. સુરત મહાનગરપાલિકાએ દૈનિક ૮૨.૫ એમએલડી ક્ષમતા ધરાવતા આંજણા સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને સંલગ્ન બાયોગેસ પાવર પ્લાન્ટ ફેબ્રુઆરી ૨૦૦૪માં શરૂ કર્યો હતો. આ બાયોગેસ પાવર પ્લાન્ટની ક્ષમતા ૦.૫ મેગાવોટ પ્રતિ દિનની છે.  પ્લાન્ટ શરૂ થયો ત્યારથી અત્યાર સુધી દૈનિક સરેરાશ વીજ ઉત્પાદન ૬૧૦૦ યુનીટ લઈને ૬૭૦૦ યુનીટ નોંધાયેલ છે. તા. ૨૨ જૂને કુ લ ૮૧૭૨ યુનીટ વીજ ઉત્પાદન થયેલ છે. હાલ વીજળીના પ્રતિ યુનીટના દર પ્રમાણે ગણવામાં આવે તો એક દિવસમાં મનપાએ કુલ રૂા. ૩૨ હજાર જેટલા વીજળી ખર્ચની બચત કરેલ છે. આ પ્લાન્ટ દેશભરમાં એકમાત્ર એવો સુએઝ પ્લાન્ટ છે જે પોતાના વપરાશની વીજળી જાતે ઉત્પાદીત કરી લે છે.



TOP